# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-09-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

*********************************************************

1. સી પી રાધાકૃષ્ણન દેશના 15મા ઉપરાષ્ટ્રપતિ બન્યા
2. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાંજે નવી દિલ્હીમાં જ્ઞાન ભારતમ્ પર આંતરરાષ્ટ્રીય સંમેલનમાં ભાગ લેશે
3. ભારત અને ફ્રાન્સે પહલગામ આતંકી હુમલાને વખોડ્યો
4. ઉત્તર પ્રદેશના લખનૌમાં બસ પલટી જતાં પાંચના મોત
5. FIDE ગ્રાન્ડ સ્વિસ ચેસ ચેમ્પિયનશિપના સાતમા રાઉન્ડમાં ભારતીય ગ્રાન્ડમાસ્ટર નિહાલ સરીને ઈરાનના પરમ મઘસુદલૂને હરાવ્યા

.............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# VP-OATH

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે રાષ્ટ્રપતિ ભવનમાં સી પી રાધાકૃષ્ણનને ભારતના ઉપરાષ્ટ્રપતિ પદના શપથ લેવડાવ્યા. આ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ, શ્રી સી પી રાધાકૃષ્ણનના પુરોગામી જગદીપ ધનખડ અને અમિત શાહ, રાજનાથ સિંહ, જે પી નડ્ડા, પીયૂષ ગોયલ અને નીતિન ગડકરી સહિતના કેન્દ્રીય મંત્રીઓ ઉપસ્થિત રહ્યા.

## (બાઇટ : સી પી રાધાકૃષ્ણન)

9 સપ્ટેમ્બરે યોજાયેલી ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં શ્રી રાધાકૃષ્ણન વિજયી બન્યા હતા. NDAના ઉમેદવાર રાધાકૃષ્ણને 452 મતો મળ્યા હતા, તેમણે ઇંડી ગઠબંધનના ઉમેદવાર અને સર્વોચ્ચ અદાલતના ભૂતપૂર્વ ન્યાયાધીશ બી. સુદર્શન રેડ્ડીને 152 મતોની સરસાઈથી હરાવ્યા હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PM-GYAN BHARATAM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સાંજે નવી દિલ્હીમાં જ્ઞાન ભારતમ આંતરરાષ્ટ્રીય સંમેલનમાં ભાગ લેશે. તેઓ હસ્તપ્રતોને ડિજિટાઇઝેશન,

સંરક્ષણ અને જાહેર સુલભતાને વેગ આપવા માટે સમર્પિત ડિજિટલ પ્લેટફોર્મ જ્ઞાન ભારતમ પોર્ટલનું પણ લોન્ચિંગ કરશે. આ પ્રસંગે પ્રધાનમંત્રી સભાને સંબોધન પણ કરશે.

આ ત્રિદિવસીય પરિષદ ગઈકાલે શરૂ થઈ હતી. આ પરિષદમાં ભારતની અનન્ય હસ્તપ્રત સંપત્તિને પુનર્જીવિત કરવા અને તેને વૈશ્વિક જ્ઞાન સંવાદના કેન્દ્રમાં મૂકવાના પગલાં પર ચર્ચા કરવા માટે અગ્રણી વિદ્વાનો, સંરક્ષણવાદીઓ, તકનીકી અને નીતિ નિષ્ણાતોને એકઠા થયા છે તેમાં દુર્લભ હસ્તપ્રતોનું પ્રદર્શન અને હસ્તપ્રત સંરક્ષણ, ડિજિટાઇઝેશન તકનીકો, મેટાડેટા ધોરણો, કાનૂની માળખા, સાંસ્કૃતિક રાજદ્વારી અને પ્રાચીન લિપિઓના અર્થઘટન જેવા મુખ્ય ક્ષેત્રો પર વિદ્વાનો દ્વારા પ્રસ્તુતિઓ પણ દર્શાવવામાં આવશે

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## NAVY-INS ARAVALI

ભારતની દરિયાઈ સુરક્ષાને મજબૂત બનાવવા તરફ એક મહત્વપૂર્ણ પગલું ભરતા, ભારતીય નૌકાદળ આજે ગુરુગ્રામમાં પોતાના કાફલામાં INS અરવલીને સામેલ કરશે.

સંરક્ષણ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે અરવલ્લી પર્વતમાળાના નામ પરથી INS અરવલ્લીનું નામ આપવામાં આવ્યું છે.

તેને નૌકાદળની માહિતી અને સંદેશાવ્યવહાર પ્રણાલીને મજબૂત બનાવવા માટે બનાવવામાં આવ્યું છે. તે નિયંત્રણ અને દરિયાઈ સુરક્ષા ક્ષેત્રમાં માહિતી અને સંદેશાવ્યવહાર કેન્દ્રોને મદદ કરશે. આ સમારોહની અધ્યક્ષતા નૌકાદળના વડા એડમિરલ દિનેશ કે. ત્રિપાઠી કરશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## INDIA FRANCE JWG

ભારત અને ફ્રાન્સે આ વર્ષે એપ્રિલમાં પહેલગામમાં થયેલા ભયાનક આતંકવાદી હુમલાને વખોડ્યો છે. ફ્રાન્સમાં આયોજિત ભારત-ફ્રાન્સ સંયુક્ત કાર્યકારી જૂથ-**JWG** આતંકવાદ પ્રતિરોધની 17મી બેઠકમાં બંને પક્ષોએ સંબંધિત દેશોમાં વર્તમાન જોખમ મૂલ્યાંકન પર વિચારોનું આદાન-પ્રદાન કર્યું. ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ વિદેશ મંત્રાલયમાં આતંકવાદ પ્રતિરોધના સંયુક્ત સચિવ કે ડી દેવાલે કર્યું હતું, જ્યારે ફ્રેન્ચ પ્રતિનિધિમંડળનું નેતૃત્વ ફ્રેન્ચ આતંકવાદ પ્રતિરોધ રાજદૂત ઓલિવિયર કેરોનએ કર્યું હતું.

વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે બંને પક્ષોએ સરહદ પાર આતંકવાદ, સંબંધિત પ્રદેશોમાં આતંકવાદી પ્રવૃત્તિઓ અને પશ્ચિમ એશિયામાં આતંકવાદી ખતરા સહિત આતંકવાદ વિરોધી પડકારોનું મૂલ્યાંકન કર્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## BIHAR - CR PATIL

કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર. પાટીલે બિહારના સૌથી મોટા નદી-જોડાણ પ્રોજેક્ટ - કોસી-મેચી લિંક પ્રોજેક્ટ-નું હવાઈ સર્વેક્ષણ કર્યું અને નદી-જોડાણ કાર્યની પ્રગતિની સમીક્ષા કરી.

કેન્દ્રીય મંત્રીએ ગઈકાલે સુપૌલની મુલાકાત લીધી હતી અને પ્રોજેક્ટની સ્થિતિનું મૂલ્યાંકન કર્યું હતું. તેમણે કહ્યું હતું કે કેન્દ્ર સરકાર બિહારની પૂર સમસ્યાનો કાયમી ઉકેલ શોધવા માટે પ્રતિબદ્ધ છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની પૂર્ણિયા મુલાકાત પહેલા, કેન્દ્રીય જળ શક્તિ મંત્રી બીરપુર પહોંચ્યા હતા અને આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટનું હવાઈ સર્વેક્ષણ કર્યું હતું.

**(બાઇટ: સી.આર.પાટીલ)**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ**

સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

## LUCKNOW ACCIDENT

ઉત્તર પ્રદેશના લખનૌ જિલ્લાના કાકોરી વિસ્તારમાં બસ પલટી જતાં ઓછામાં ઓછા પાંચ લોકોના મોત થયા છે અને 10થી વધુ લોકો ઘાયલ થયા છે. ગઈકાલે મોડી સાંજે હરદોઈ જિલ્લાથી આવી રહેલી બસે કાબુ ગુમાવ્યો હતો અને પાણીના ટેન્કર સાથે અથડાઈને 20 ફૂટ ઊંડી ખાડામાં ખાબકી હતી.

સ્થાનિકોએ જણાવ્યું હતું કે અકસ્માત થયો ત્યારે સ્થળ પર રસ્તાનું બાંધકામ ચાલી રહ્યું હતું. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે અધિકારીઓને અસરગ્રસ્ત લોકોને શક્ય તેટલી મદદ પૂરી પાડવા જણાવ્યું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## CHHATTISGARH ENCOUNTER

છત્તીસગઢમાં આજે સુરક્ષા દળો અને માઓવાદીઓ વચ્ચે થયેલી અથડામણમાં બે માઓવાદીઓ માર્યા ગયા છે. બસ્તર ક્ષેત્રના બીજાપુર જિલ્લામાં, સુરક્ષા દળોને ગુપ્ત માહિતી મળી હતી કે જિલ્લાના દક્ષિણ-પશ્ચિમ વિસ્તારમાં માઓવાદીઓ હાજર છે.

સુરક્ષા દળોની એક સંયુક્ત ટુકડીએ તપાસ અભિયાન શરૂ કર્યું. આજે સવારથી સુરક્ષા દળો અને માઓવાદીઓ વચ્ચે સમયાંતરે ગોળીબાર થઈ રહ્યો છે. સુરક્ષા દળોએ માર્યા ગયેલા નક્સલીઓના મૃતદેહ કબજે કર્યા છે. આ ઉપરાંત, ઘટનાસ્થળેથી એક રાઇફલ અને વિસ્ફોટકો પણ મળી આવ્યા છે. વિસ્તારમાં હજુ પણ તપાસ અભિયાન ચાલી રહ્યું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## AIIMS - DA VINCI ROBOT

ઓલ ઈન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સિસ **(AIIMS)** નવી દિલ્હીએ તેની સ્કીલ્સ, ઈ-લર્નિંગ અને ટેલિમેડિસિન **(SET)** સુવિધા ખાતે અદ્યતન દા વિન્સી સર્જિકલ રોબોટનું ઉદ્ઘાટન કર્યું . દેશની સરકારી મેડિકલ કોલેજમાં તાલીમ માટે દા વિન્સી સિસ્ટમનું આ પ્રથમ ઇન્સ્ટોલેશન છે. આ સુવિધામાં પહેલાથી જ મેડટ્રોનિક દ્વારા હ્યુગો રોબોટિક ટ્રેનર છે, જે વિદ્યાર્થીઓ, રહેવાસીઓ, નર્સો અને ફેકલ્ટી માટે વ્યાપક, વ્યવહારુ રોબોટિક સર્જરી તાલીમ પ્રદાન કરે છે.

આ અંગે AIIMS દિલ્હીના ડિરેક્ટર ડૉ. એમ. શ્રીનિવાસએ જણાવ્યું કે આ નવો રોબોટ યુરોલોજી, ગાયનેકોલોજી, જનરલ સર્જરી, સર્જિકલ ઓન્કોલોજી અને માથા અને ગરદનની સર્જરી સહિતની વિશેષતાઓમાં કૌશલ્ય વિકાસમાં વધારો કરશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## DAY FIDE GRAND SWISS

ઉઝબેકિસ્તાનના સમરકંદમાં ચાલી રહેલી FIDE ગ્રાન્ડ સ્વિસ ચેસ ચેમ્પિયનશિપના સાતમા રાઉન્ડમાં ભારતીય ગ્રાન્ડમાસ્ટર નિહાલ સરીને ઈરાનના પરમ મઘસુદલૂને હરાવ્યો. ઉલ્લેખનીય છે કે, સરીન અને જર્મન ગ્રાન્ડમાસ્ટર મેથિયાસ બ્લુબૌમ સાડા પાંચ પોઈન્ટ સાથે લીડ માટે બરાબરી પર  છે.

દરમિયાન, વિશ્વ ચેમ્પિયન ડી ગુકેશ સાતમા રાઉન્ડમાં તુર્કી ગ્રાન્ડમાસ્ટર એડિઝ ગુરેલ સામે હારી ગયો અને ટુર્નામેન્ટમાં તેને સતત ત્રીજી હારનો સામનો કરવો પડ્યો. અગાઉ, ડી ગુકેશ યુએસએના અભિમન્યુ મિશ્રા અને ગ્રીસના નિકોલસ થિયોડોરો સામે હારી ગયો હતો. ગુકેશ હાલ ત્રણ પોઈન્ટ પર  છે અને તેને સ્પર્ધામાં રહેવા માટે બધી મેચ જીતવાની જરૂર છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## TENNIS-DAVIS CUP

ટેનિસમાં, સુમિત નાગલ આજે ડેવિસ કપ વર્લ્ડ ગ્રુપ ટાઈ મેચમાં સ્વિટ્ઝર્લૅન્ડ સામે ભારતીય પડકારનું નેતૃત્વ કરશે. સુમિત નાગલની સાથે, ભારતીય ટીમમાં આર્યન શાહ અને દક્ષિણેશ્વર સુરેશ પણ શામેલ છે. ડબલ્સ મેચમાં એન શ્રીરામ બાલાજી અને ઋત્વિક ચૌધરી બોલીપલ્લી ભારતનું નેતૃત્વ કરશે

ભારત અને સ્વિટ્ઝર્લૅન્ડ વચ્ચે મેચની વિજેતા ટીમ **2026** ક્વોલિફાયરના પહેલા રાઉન્ડમાં પહોંચશે જ્યારે હારનારી ટીમને **2026** વર્લ્ડ ગ્રુપ પ્લે-ઓફમાં રમવું પડશે. ભારતીય ટીમ હજુ સુધી ડેવિસ કપ જીતી શકી નથી પરંતુ ટીમ **1966, 1974** અને **1987**માં ત્રણ વખત રનર-અપ રહી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## NAGPUR - FLYOVER

કેન્દ્રીય પરિવહન મંત્રી નીતિન ગડકરી આજે સાંજે મહારાષ્ટ્રના નાગપુરમાં નાગપુર-અમરાવતી ધોરીમાર્ગ પર ચાર માર્ગીય ફ્લાયઓવરનું ઉદ્ઘાટન કરશે. આ પ્રસંગે મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ ઉપસ્થિત રહેશે.

191 કરોડ રૂપિયાના ખર્ચે બનેલો 2.85 કિલોમીટર લાંબો આ ચાર માર્ગીય ફ્લાયઓવર નાગપુર વિશ્વવિદ્યાલય પરિસરને નાગપુરમાં પ્રાદેશિક ટ્રાફિક કાર્યાલય-આરટીઓ સાથે જોડશે. જેનાથી આ વિસ્તારમાં ટ્રાફિક જામ ઓછો થશે.

ફ્લાયઓવરની બાજુમાં સર્વિસ રોડ પર એક સાયકલ ટ્રેક, રસ્તાની બંને બાજુ ફૂટપાથ અને સલામતી અને સુરક્ષા વધારવા માટે સ્ટ્રીટ લાઇટની જોગવાઈ પણ હશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .